# હવે તો જાગો

(હવે નહિ જાગો તો ક્યારે જાગશો ?)

## ○ ટ્રસ્ટીઓની વિશાલ દૃષ્ટિ ○

○ લેખક ○


**શ્રી પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા**

તપોવન સંસ્કારપીઠ, અમદાવાદ

પો. સુઘડ, જિ. ગાંધીનગર

મો. 87990 59569

# ટ્રસ્ટીઓની વિશાલ દૃષ્ટિ

જૈન સંઘમાં અનેક ટ્રસ્ટીઓ પોતાની સેવાઓ નિઃસ્વાર્થભાવે કરી રહ્યા છે. જો કે ઘણા ટ્રસ્ટીઓ પાસે લાંબી દૃષ્ટિ હોય છે. તેથી તેઓ આર્થિક વ્યવહાર સિવાય પણ ઘણા કાર્યો કરવા તત્પર હોય છે. પરંતુ બધા પાસે આવી આયોજનશક્તિ હોતી નથી. થોડીક idea અત્રે મૂકવામાં આવે છે જો આવું કંઇક વિચારાય તો ટ્રસ્ટીઓ ઘણું ફળદાયક કાર્ય કરી શકે.

Play a vital role in religious organization.

**૧.** જે સંઘમાં જેટલા સભ્યો હોય તેના વિકાસ અંગેની વિચારણા ખાસ કરવી જોઇએ. જો દરેક સભ્યોને આત્મિક વિકાસમાં જોડવા હોય તો ઉંમર અને હોંશિયારી પ્રમાણે કાર્ય કરવું જોઇએ. જો સિનિયર સિટીઝન હોય તો તેમાં ભાઇઓ અને બહેનોનો વિભાગ જુદો કરીને તેઓને ભવિષ્યમાં આરાધનામય જીવન જીવાય તેવી વ્યવસ્થા કરી આપવી જોઇએ. તેઓ વ્યાખ્યાનશ્રવણ-સમૂહસામાયિક-પ્રતિક્રમણ-પુસ્તકવાંચન-પૂજા-આરતી-ભાવનામાં પોતાનો સમય સારી રીતે શુભમાં પસાર કરે. ઉપાશ્રયમાં senior citizen ને કારણે વસ્તી રહે છે. મહાત્માઓને પણ બપોરે ભાઇઓ આવે અને કંઇ પણ જરૂરિયાત હોય તે પૂરી થાય. They are the pioneer Of jain institutions.

**૨.** જૈન સંઘમાં પૂજા-દર્શન કરનારની સંખ્યા દિન પ્રતિદિન ઘટતી ચાલી છે. જો ટ્રસ્ટીઓ ધ્યાન આપે તો સંઘના દરેક સભ્યો પૂજા-દર્શન કરવા આવે તેવી વ્યવસ્થા યુવકમંડળ કે યુવતી મંડળો દ્વારા થવી જોઇએ. Give different shine to old adults કોઇક સંઘોમાં યુવાનો વૃદ્ધ અશક્ત સભ્યોને દર્શન-પૂજા થાય તે

માટે દર રવિવારે ભગવાનને વિધિ સહિત લઇ જઇને દર્શન-પૂજા કરાવે છે. વૃદ્ધો દર્શન-પૂજા કરતાં અત્યંત આનંદની અનુભૂતિ કરે છે.

**૩.** જૈન સંઘમાં કોઇક વ્યક્તિ રાત્રિભોજન - અભક્ષ્ય ભોજન - બરફ - આઇસ્ક્રીમ - કંદમૂળ પણ વાપરે છે. જો તેઓને આ પાપોથી બચાવી લેવાય તે જરૂરી છે. તેની એક ટીમ બનાવી અથવા પાંચ/સાત સિનિયર સિટીઝનો કે બધી રીતે સમજાવવામાં હોંશિયાર હોય તેઓએ સંઘના સભ્યોને આ પાપોથી બચાવવા પ્રયત્ન કરવો જોઇએ. તેઓ પણ એવા દાખલા-દલીલથી સમજાવે કે જેથી તેના મગજમાં આ વાત ઉતરી જાય.

**૪.** ટ્રસ્ટીઓ સંઘનું જે પણ કાર્ય હોય તે જૈનો પાસે કરાવે તો જૈનોને આવક થાય. શક્ય હોય તો ખરીદી પણ જૈનો પાસેથી થાય. દેરાસર-ઉપાશ્રય-પેઢી-જ્ઞાનભંડારાદિના કાર્યો માટે જૈનોની પ્રથમ પસંદગી કરવી જરૂરી છે. સંઘના સભ્યોને અનાજ-દવાદિ પણ જૈનોને ત્યાંથી વ્યાજબી ભાવે મળી રહે તેવી વ્યવસ્થા શું ટ્રસ્ટી ન કરી આપે ?

Trustees imbalance the buying capacity of normal people.

**૫.** એક ભાઇએ એવું સૂચન આપ્યું કે સંઘની આજુબાજુમાં Jain Apartment હોવું જરૂરી છે. જેમાં ૨૦૦/૩૦૦ Flat હોય. જેથી જૈનોનો પડોશ મળે અને ઘણા સારા કાર્યો તેના દ્વારા થતાં રહે. જૈનો સિવાયના પડોશમાં નાના બાળકો કે અન્ય બહેનોને ક્યારેક તકલીફ ઉભી થાય છે. તેથી બચવા માટે શ્રેષ્ઠ ઉપાય જૈન પડોશ અનિવાર્ય છે. પહેલા ગામડાઓમાં વાણિયા વાડ હતો. હવે Jain Apartment બને તો મહાત્માઓનો લાભ પણ મળે

અને દેરાસર-ઉપાશ્રય નજીક હોવાથી સંઘના સભ્યોની આરાધના પણ વધે.

Jain community makes People a best nurturing for a human to live a best life.

**૬.** બે-ત્રણ-ચાર સંઘો ભેગા થઇને જો જૈન સ્કૂલ ઉભી કરે તો આપણા બાળકો ઘણા ખરાબ મિત્રોથી બચી જાય. સંઘના સભ્યોને Fee આદિમાં પણ રાહત મળે. બિનજરૂરી ખર્ચાથી પણ બચી જવાય. પર્યુષણાદિની આરાધના પણ સરસ રીતે થઇ શકે. આ માટે જરૂર છે મુખ્ય ઉત્સાહી ટ્રસ્ટીઓ જૈન સ્કૂલ ખોલીને બાળકોને બચાવી લે.

Jain School will include Jainism in a child by motivating pathasala which will have a great future for a child.

**૭.** ટ્રસ્ટીઓએ ખાસ સ્થાનિક પાઠશાળાને develop કરવા વિશેષ-પ્રયત્ન કરવો જરૂરી છે. તેમાં જે બાળકોને જેમાં રુચિ હોય તે બાળકને તે વિષયોના શિક્ષકોને બોલાવીને સારા તૈયાર કરવાની વિશેષ જરૂર છે.

**૮.** સાધર્મિકો પ્રાયઃ દરેક સંઘમાં હોય છે તેને પગભર બનાવવાનું આયોજન ખાસ રાખવું જોઇએ. પેટમાં ભોજન પડશે તો પ્રભુ-ભજન થશે. તેથી જેને જે જરૂરિયાત હોય તે પૂરી કરી શકાય.

**૯.** સંઘમાં દરેક સ્થાનોમાં જીવદયાનું પાલન કરવું જોઇએ. દેરાસર - ઉપાશ્રય - આયંબિલશાળા વગેરેમાં પુષ્કળ કાળજીની જરૂર પડે, જો જરાપણ ઉપેક્ષા કરાય તો પુષ્કળ જીવ હિંસા થાય

છે. તેની ઉપર પણ વિશેષ નજર રાખવી જોઇએ.

**૧૦.** સંઘના આવક-જાવકનો પ્રશ્ન ખૂબ મોટો છે. બિનજરૂરી ખર્ચ ન થાય અને જરૂરી ખર્ચ પણ પ્રમાણસર થાય ત્યાં આવકના જેટલા પણ chance હોય તે માટે વ્યવસ્થિત પ્રયત્ન કરાય. જૂની ઉઘરાણી બાકી હોય તે મેળવવા પ્રયત્ન કરાય તેની કાળજી ટ્રસ્ટીઓએ રાખવી જોઇએ.

**૧૧.** જે ટ્રસ્ટીઓ વર્ષો સુધી સંઘમાં સેવા આપી ચૂક્યા હોય તેઓએ પોતાના પછીની પેઢી તૈયાર કરી ટ્રસ્ટી બનાવવા જોઇએ. જેથી તેઓ અશક્ત થાય ત્યારે સંઘને તકલીફ ન પડે. સહજ રીતે સંઘ ચાલતો રહે. યુવકમંડળમાંથી અથવા અન્ય સારા કાર્યકરને ભવિષ્યની દ્રષ્ટિએ તૈયાર કરવા જોઇએ.

"Leader helps to make another leader."

**૧૨.** દરેક સંઘની જગ્યા વગેરે મિલકતો તથા તેના કેસો વર્ષોથી ચાલતા હોય છે. જો તેનું વ્યવસ્થિત ધ્યાન આપવામાં આવે તો જગ્યા સંઘની રહે નહિતર અન્ય પચાવી પાડે છે. એક પાંજરાપોળની સેંકડો વીઘા જમીન અન્ય વિધર્મીઓએ પચાવી પાડી છે જેનો કેસ વર્ષોથી કોર્ટમાં ચાલે છે. હજી નિકાલ નથી આવ્યો.

**૧૩.** ટ્રસ્ટીઓએ અમૂલ્ય જ્ઞાનભંડારોની વિશેષ કાળજી લેવી જોઇએ. એમાં કેટલાક અગત્યના ગ્રંથો પસ્તીમાં વેચાય જાય છે. જો કે તેઓને પુસ્તક-પ્રતોની વિશેષ સમજણ નથી હોતી. તેથી જાણકાર પાસે બધુ તપાસ કરાવવું પડે. તેમાં પણ ખાસ પ્રાચીન હસ્તલિખિત પ્રતોની પ્રાપ્તિ દુર્લભ હોય છે. તેથી તેની કાળજી વિશેષ કરવી જરૂરી છે.

**૧૪.** દેરાસર ઉપાશ્રયમાં અનેક પૂજનાદિ અનુષ્ઠાનો પણ થતાં હોય છે. તેમાં પણ સ્થાનિક મંડળોને યાદ કરીને chance આપવો જોઇએ. ખાસ કેસિઓ-ઢોલક-માઇક-સ્પીકરાદિ તથા ગાયક કલાકાર-એક્ટિંગ કરનાર જૈનોને વિશેષ chance આપવો જોઇએ.

**૧૫.** જ્યારે જ્યારે પણ પારણા કે પ્રસંગ નિમિત્તે રસોડું રાખે તો તેમાં જયણાનું પાલન વ્યવસ્થિત થવું જરૂરી છે. અભક્ષ્ય ભોજન ન આવે - રાત્રિભોજનાદિ ન થાય - બરફાદિ પણ ન આવે તેની કાળજી ટ્રસ્ટીઓએ ખાસ કરવી જરૂરી છે.

**૧૬.** દેરાસરમાં ચોરી ન થાય તેની વિશેષ કાળજી લેવી જોઇએ. કોઇક સ્થાને ભગવાન અથવા ભંડારાદિની ચોરી થાય છે. સરકાર તરફથી સૂચનાઓ હોય છે કે દરેક દેરાસરાદિ સ્થાનોમાં C.C.T.V. કેમેરાદિ રાખવા ફરજીયાત છે. દેરાસરમાં સાયરન સીસ્ટમ પણ જરૂર છે. રાત્રે દેરાસર માંગલિક થયા બાદ જો કોઇક દેરાસર ખોલવા પ્રયત્ન કરે તો ટ્રસ્ટીના ઘરે પણ વાગે તેથી ચોરી થતી અટકી શકે.

**૧૭.** જૈન સંઘના ટ્રસ્ટી એ કેવું મહાન પદ છે. ટ્રસ્ટી એટલે વિશ્વાસુ. પ્રભુના શાસનને Loyal & વફાદાર હોય. તેમાં ધર્મની ઉંડી સમજણ હોય. સ્વભાવના ઉદાર અને હૃદયના વિશાળ હોય. ટ્રસ્ટીઓને પોતાનો મત ન હોય તે પોતાના સંઘના જે આચાર્ય માન્ય હોય તેના માર્ગદર્શન પ્રમાણે આરાધના સંઘમાં કરાવે. Great heart people gives best result to the society.

**૧૮.** ટ્રસ્ટીઓ જો થોડીક વિશેષ મહેનત કરે તો ઉપરોક્ત મુદ્દા સિવાયના મુદ્દાને પણ આવરી લઇને પોતાના સંઘમાં દરેક નાના-મોટા ક્ષેત્રનું વિશેષ ધ્યાન આપી નાના-મોટા ભાઇ-બહેન-બાળક-બાળિકાના આત્મિક અને ધાર્મિક વિકાસ કરવા પ્રયત્ન કરે.

અનેક નવા-નવા કાયદા જે આવી રહ્યા છે તેનાથી સંઘને બચાવે. આપણાં સંઘના ટ્રસ્ટીઓ ભાવનાશીલ છે, ધર્મપ્રેમી છે. તેઓ સંઘને ઘણે ઉચ્ચે લઇ જશે. ટ્રસ્ટીઓ ભગવાનના શાસનની રક્ષા કરતાં હોવાથી તીર્થંકર નામકર્મ બાંધી શકે. શાસનના રક્ષકની હાલ તાતી જરૂરી છે. ફક્ત ટ્રસ્ટીઓએ વિશાળ દૃષ્ટિ કેળવવી પડશે. નહિતર જૈનસંઘનું ભાવિ કલ્પના ન થઇ શકે તેવું દેખાય છે. બોરીવલીમાં ૨૭ સંઘો એક થયા તેમ સંઘો સાથે મળીને કામ કરશે તો પરિણામ ન ધારેલું મળશે. થોડીક awareness લાવવાની જરૂર છે. જરૂર લાવવી પડશે.